# Indian Red Cross Society,

Vadodara District Branch

# St. John Ambulance (India),

Vadodara District Centre

# Annual Report 2020-21



If you spoil the nature

Nature will spoil you





If you care for nature

Nature will care for you



Red Cross Building, Opp. Police Parade Ground, Nr. GPO, Raopura, Vadodara 390001
0265-2413382, 9099552154 irrcsvadodara@gmail.com www.redcrossvadodara.org

# ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી,

### વડોદરા જીલ્લા શાખા

<u>સને ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ</u>

અમો ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખાના માનદમંત્રી સને ૨૦૨૦ - ૨૦૨૧નો વાર્ષિક અહેવાલ અને ઑડિટેડ હિસાબો રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

| -:ઓફિસ બેરર:- | |
|---|---|
| પ્રમુખ: (President)<br>શ્રીમતિ શાલિની અગ્રવાલ (IAS)<br>તા. ૪/૪/૨૦૧૮ થી તા. ૧૩/૪/૨૦૨૧<br>શ્રી આર. બી. બારડ ૨૨/૬/૨૦૨૧ થી આજની તારીખ<br>(Collector & Dist. Magistrate, Vadodara) | **અધ્યક્ષ** (Chairman): ડૉ. જગદીશ આર. કામત<br><br>**ઉપાધ્યક્ષ** (Vice Chairman): ડૉ. આર. બી. ભેસાણિયા<br>**ખજાનચી** (Treasurer) : શ્રી કૃષાંગ રેવાર<br>**માનદ મંત્રી** (Hon. Secretary): ડૉ. પ્રવીણ બી. જોશી |
| **-:સભાસદો:-** | |
| • ડૉ. ભુપેન્દ્ર એન. શાહ<br>• ડૉ. ચંદ્રકાંત એમ. શાહ<br>• ડૉ. નવનીત વી. ગાંધી<br>• ડૉ. કિરણ નવિનચંદ્ર શીંગ્લોત | • ડૉ. સલોની વૈભવ સંત<br>• ડૉ. યતિશ પી. શાહ<br>• શ્રી સજ્જનસિંહ કુંપાવત<br>• ડૉ. બી. જે. બ્રહ્મભટ્ટ (પ્રતિનિધિ ડભોઈ તાલુકા બ્રાન્ચ) |

અહેવાલના વર્ષમાં કારોબારી સમિતિની ૦૪ સભાઓ અને ૦૧ સામાન્ય સભા મળી હતી.

અહેવાલના વર્ષમાં ૧૪ આજીવન સભ્યોની ફી રૂ૧૪,૦૦૦/- એકત્ર કરવામાં આવી છે.

**<u>ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વડોદરા જીલ્લા શાખાનો ઇતિહાસ</u>:**

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી એક બિનધાર્મિક, બિનસાંપ્રદાયિક, બિનરાજકીય માનવતાવાદી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. ૯૬ વર્ષ પહેલા સને ૧૯૨૫માં સ્વ. સર સયાજીરાવ ગાયકવાડ સાહેબે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખાની સ્થાપના કરી હતી. સંસ્થાના મકાન માટે સને ૧૯૫૯માં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી રાવપુરા, ખારીવાવ રોડ, જે રેડ ક્રોસ રોડના નામથી ઓળખાય છે ત્યાં


સંસ્થાને વાર્ષિક રૂ. ૧/-ના નજીવા ભાડાથી ૯૯ વર્ષ માટે જમીન મળેલ છે. શ્રી મુસ્તાક એમ. હકીમ તરફથી રૂ. ૧૦,૦૦૦/-નું દાન મળતા આ જમીન પર રેડ ક્રોસ સોસાયટીનું મકાન બાંધવામાં આવ્યું.

## <u>સને ૨૦૨૦ - ૨૦૨૧ના વર્ષમાં કરવામાં આવેલી પ્રવૃત્તિઓ</u>

### <u>વિવિધ વિષયો પર જાગૃતિ કાર્યક્રમ</u>

### (A) **“કોરોના સાથે જીવતા શીખો” વિષય પર વેબિનાર:**

ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા દ્વારા COVID 19ને લગતી મુસીબતનો સામનો કરવા માટે વડોદરા શહેરના શહેરીજનો માટે ૨૬ મે ૨૦૨૦ના રોજ “કોરોના સાથે જીવતા શીખો” વિષય પર વેબિનારના મધ્યમથી ડૉ. કિરણ શીંગ્લોત દ્વારા વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૮૬ નાગરિકોએ ભાગ લીધો હતો.

### **(B) ફર્સ્ટ એઇડ જાગૃતિ કાર્યક્રમ:**

કોવિડ ૧૯ જેવા કપરા કાળમાં પણ વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવા માટે રેડ ક્રૉસને નિવેદન કરવામાં આવતું હતું તેઓની વિનંતીને માન આપી તેમજ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ્રાથમિક સારવાર અંગે ૬ જાગૃતિ કાર્યક્રમ કોવિડ-૧૯ના નિયમોનું પાલન કરીને યોજવામાં આવ્યા હતા જેમાં કુલ મળીને ૩૨૨ લોકોએ ભાગ લીધો હતો.




### <u>રક્તદાન શિબિર :</u>

૨૦૨૦નું વર્ષ સદીનું ઐતિહાસિક વર્ષ પુરવાર થયું જેમાં અનેક ફેરફારો અને ઉતાર-ચઢાવ જોવા મળ્યા. લૉકડાઉન – એક એવો સમય જ્યાં આવશ્યક વસ્તુઓ તથા સેવાઓ સિવાય તમામ સેવાઓ બંધ હતી.

માની લઈએ કે જીવન જાણે ઠપ્પ થઈ ગયું હતું. પરંતુ રક્તની જરૂરિયાત ક્યારેક સંજોગોવસાત્ પડતી હોય છે તો કેટલાક રોગો જેમ કે થેલેસીમિયા, લ્યુકેમિયા, હિમોફિલિયા વગેરેમાં દર્દીને ચોક્કસ સમયાંતરે રક્ત ચઢાવવું જ પડે, તો રક્તની જરૂરિયાતને પહોંચી વળવા લૉકડાઉનમાં રક્તદાન કરવા રસ ધરાવનાર વ્યક્તિને ઘરેથી સલામત રીતે બૅન્ક સુધી લાવવા તેમજ સલામત રક્તદાન કર્યા પછી સલામત રીતે બ્લડ બૅન્કથી ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં OSD ડૉ. વિનોદ રાવ (IAS) તથા જીલ્લા કલેક્ટરના સહયોગથી આ મિશન પાર પાડવામાં આવ્યું.

ઈન્ડિયન રેડ ક્રૉસ  સોસાયટી, વડોદરા જીલ્લા શાખાની બ્લડ બૅન્ક નથી છતાં રક્તની જરૂરિયાતને પહોંચી વળવા અવારનવાર સંસ્થાના મકાનમાં શહેરની જનતાને રક્તદાન માટે પ્રોત્સાહિત કરી કેમ્પનું આયોજન કરવામાં આવતું હતું. અહેવાલના વર્ષમાં કુલ ૭ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યા જેમાં કુલ મળી ૧૬૯ રક્ત એકત્રિત થયું જે SSG બ્લડ બૅન્કને આપવામાં આવ્યું.



## <u>પ્રમાણિત તાલીમ કાર્યક્રમો (Certified Training Programmes)</u>

### (A) COVID-૧૯ તાલીમ કાર્યક્રમ

વડોદરા શહેર નવીન કોરોના વાઇરસે પેદા કરેલી મહામારીના કપરા સંકટમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખા આ આપત્તિને પહોંચી વળવા વિવિધ સમાજ ઉપયોગી માનવતાવાદી કાર્યો કરવા કટિબદ્ધ હતી. આના ભાગરૂપે ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી તેમ જ વડોદરા મહાનગર સેવાસદન દ્વારા સંયુક્તપણે શહેરમાં કોવિડ-૧૯નો સામનો કરવા માટેના આગલી હરોળના લડવૈયાઓ (ફ્રન્ટ લાઇન વૉરિયર્સ)ની ફોજને તાલીમ આપવામાં આવી. આ કાર્ય માટે કોવિડ-૧૯ અંગે સાચી માહિતી અને કૌશલ્યનો પ્રસાર કરવો ખૂબ જરૂરી હોઇ, સૌ પ્રથમ ટ્રેનિંગ ઓફ ટેઈનર્સનું આયોજન કરવામાં આવ્યું. આ રીતે કોવિડ-૧૯ના પ્રથમ ટ્રેઈનર્સ તૈયાર થઈ ગયા બાદ એમના દ્વારા કોવિડ-૧૯ સ્વયંસેવકોને વડોદરા શહેરના વિવિધ સ્થળોએ તાલીમ આપવામાં આવી. માત્ર ૨૦ દિવસના સમય દરમિયાન, ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સની બે બૅચ દ્વારા કુલ ૩૮ ટ્રેનર્સ તથા ૧૩ ટ્રેનિંગ કાર્યક્રમ દ્વારા કુલ ૫૨૦ સ્વયંસેવકો તૈયાર કરવામાં આવ્યા.

**<u>કોવિડ 19 અંગેની તાલીમમાં નીચેના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતાઃ</u>**

૧. કોવિડ-૧૯નું જનપ્રસારણ વિજ્ઞાન (ઍપિડૅમિયોલૉજી)

૨. કોવિડ-૧૯ના ફેલાવાની રીત, વિષાણુવૃદ્ધિકાળ, ચિહ્નો, નિદાન, તેમ જ સારવાર

૩. કોવિડ-૧૯ની નિદાન પદ્ધતિ, nasopharyngeal swab કલેક્ટ કરવાની રીત

૪. જનસમુદાય તેમ જ કાર્યસ્થળોએ અને ઉદ્યોગગૃહોમાં કોવિડ-૧૯ સામે લડવાની પૂર્વતૈયારીઓ

૫. જનસમુદાય તેમ જ ઉદ્યોગગૃહોમાં કોવિડ-૧૯ના કેસ શોધી કાઢવા માટે અપનાવવામાં આવતી પૅસિવ સ્ક્રીનિંગની પદ્ધતિ

૬. ઉદ્યોગગૃહોમાં તેમ જ ઘરોમાં કોવિડ-૧૯ના દર્દીઓને અલગ રાખવાની (આઇસોલેશનની) રીત

૭. કોવિડ-૧૯ની મહામારીને વધારે ફેલાતી રોકવા માટે ભારત સરકાર અથવા સ્થાનિક સ્તરે લૉકડાઉન તેમ જ સામાજિક અંતર(Social Distancing)નું પાલન કરવા માટે ઘડવામાં આવેલા નિયમોની સમજ

૮. કોવિડ-૧૯ સામે તકેદારી રૂપે સ્વાસ્થ્યકર્મીઓ તથા દર્દીઓની સેવામાં રોકાયેલા અન્ય કર્મચારીઓને આ અંગે ખાસ તૈયાર કરવામાં આવેલા વ્યક્તિગત જંતુરહિત સુરક્ષા સાધનોનો ઉપયોગ કરવાની રીત (ડૉનિંગ ઍન્ડ ડૉફિંગ)

૯. પોતાનો તથા અન્યનો ખ્યાલ રાખીને રોગચાળાને આગળ ફેલાતો અટકાવવા માટે જરૂરી ખાંસી અને છીંક ખાતી વખતે મોં અને નાક ઢાંકવાની સાચી અને ખોટી રીત, સાબૂ અથવા સેનિટાઇઝર વડે હાથ ધોવાની વૈજ્ઞાનિક રીત, અંગત સ્વચ્છતાના અન્ય ઉપાયો

૧૦. કોવિડ-૧૯ના કેસનું ઉપરના આરોગ્ય સત્તાવાળા આગળ રિપોર્ટિંગ તથા રેફરલ

૧૧. કોવિડ-૧૯ સાથે સંકળાયેલી માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ અને તેનાથી બચવા માટે અથવા તેમાંથી સાજા થવા માટે કાઉન્સેલિંગ (મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન)



(B) વૃદ્ધોની ઘરે સારસંભાળ લેનાર મદદનીશ માટે કોર્સ (Elderly Home Care Assistant Course)



ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી વડોદરા દ્વારા મહિન્દ્રા એક્સેલો કંપનીના નાણાકીય સહયોગથી રોજગારલક્ષી ટુંકા ગાળાનો "વૃદ્ધોની ઘરે સારસંભાળ" નો કોર્સ કરવામાં આવ્યો. આ કોર્સ તાલીમાર્થીઓ માટે નિઃશુલ્ક હતો. આ કોર્સની તાલીમમાં થીયરી, PPT તેમજ વિડિયો પ્રેઝન્ટેશન સાથે પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી. દરેક તાલીમાર્થી પાસે દરેક સ્કિલને લગતી ફાવટ આવતા સુધી પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી. તાલીમાર્થીઓને બૂકલેટ આપવામાં આવી. તાલીમ પૂર્ણ કરનાર તમામ ૨૫ તાલીમાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા.

વૃદ્ધોની સારસંભાળના રોજગાર લક્ષી તાલીમ કાર્યક્રમની ૩જી બૅચ માટે આર્થિક સહાય કરવા બદલ રેડ ક્રૉસ મહિન્દ્રા એક્સેલો કંપનીનો દિલથી આભાર વ્યક્ત કરે છે.

રેડ ક્રૉસ વડોદરા દ્વારા ૩જી બૅચની તાલીમની ટૂંકી ફિલ્મ જોવા માટે https://youtu.be/w5YpvLo1USA પર ક્લિક કરો. આ કોર્સ કરવા પાછળનો રેડ ક્રૉસ નો મુખ્ય ઉદ્દેશ્ય એ જ હતો કે વડોદરા શહેર જીલ્લાના નાગરિકોને તાલીમ પામેલ કૅર ટેકર મળી રહે. અને બીજી બાજુ જે લોકો કૅર ટેકર તરીકે કામ કરે છે અથવા કામ કરવા માંગે છે તે લોકો તાલીમ લઈ પોતાની કુશળતામાં વધારો કરી શકે. આવા કુશળ કૅરટેકરની વડોદરા શહેરની જરૂરિયાતને પહોચી વળવા તેમ જ એક ફોર્સ ઊભી કરવા દર વર્ષે આવી ૧ અથવા ૨ તાલીમ થાય અને વધુમાં વધુ લોકો આ કોર્સમાં જોડાય તેમ જ મહિન્દ્રા એક્સેલો કંપનીની જેમ અન્ય કંપનીઓનો પણ સહકાર મળે તો કુશળતા વિકસિત થવાના કારણે પોતાના સ્વજનની તથા અન્યના સ્વજનની સારી રીતે સંભાળ રાખી શકાય.

## (C) કારખાના ધારા ૧૯૪૮ની કલમ ૧૧૧(એ) અધિનિયમ હેઠળ સેફ્ટી ટ્રેનિંગ

કારખાના ધારા ૧૯૪૮ની કલમ ૧૧૧(એ)થી નિયામક ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી ઍન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય અમદાવાદ દ્વારા ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરાને કારખાના શ્રમયોગીઓના આરોગ્ય અને કામમાં સલામતી અંગે તાલીમ આપતી સંસ્થા તરીકે મંજૂરી મળેલ છે તે અંતર્ગત નિવેદનના વર્ષમાં બીહેવિયર સેફ્ટી, ફાયર સેફ્ટી અને ફાયર ફાઇટર વગેરે વિષયો પર કુલ ૫૫ લોકોને તાલીમ આપવામાં આવી.



## <u>હેલ્થ ચેકઅપ કેમ્પ</u>

### (A) <u>ફેક્ટરીમાં કામ કરતાં કામદારો માટે હેલ્થ ચેકઅપ કેમ્પ</u>

ફેક્ટરી ઍક્ટ પ્રમાણે કંપનીમાં કામ કરતાં કામદારો માટે રૂટિન હેલ્થ ચેકઅપ તેમજ પ્રિ-ઍમ્પ્લોયમૅન્ટ ચેકઅપ થતું હોય છે તેના ભાગ રૂપે ઈન્ડિયન રેડ ક્રૉસ  સોસાયટી, વડોદરા દ્વારા અહેવાલના વર્ષમાં નોકરીમાં નવા ભરતી પામેલા ૪૨ કર્મચારીઓનું પ્રિ-ઍમ્પ્લોયમૅન્ટ ચેકઅપ કરવામાં આવ્યું.



## (B) ટ્રાફિક બ્રિગેડની મહિલાઓ માટે સિકલ સેલ સ્ક્રીનિંગ કાર્યક્રમ:

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખા દ્વારા તારીખ ૬/૨/૨૦૨૧ના રોજ વડોદરા પોલીસ અને ટ્રાફિક બ્રિગેડની મહિલાઓ માટે સિકલ સેલ સ્ક્રીનિંગનો કાર્યક્રમ યોજાયેલ હતો. જેમાં ૧૫૮ બહેનોના લોહીની તપાસ કરવામાં આવી હતી જેમાંથી ૨૮ બહેનો સિકલ સેલ ટ્રેઇટ, ૩ બહેનો થેલેસીમિયા માઇનર તેમજ ૨૫ બહેનોનું હિમોગ્લોબિન ૧૦ gm/dl કરતાં ઓછું હતું. ઉપારોક્ત તમામ ૫૬ બહેનોનું ડૉ. કિરણ શીંગ્લોત દ્વારા પોસ્ટ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું તેમ જ તેઓના માર્ગદર્શન હેઠળ આયર્નની કમી દૂર કરવા માટે આયર્ન ફોલિક એસિડની ૩ મહિના માટેની દવાઓ આપવામાં આવી સાથે રેડ ક્રોસ તરફથી માસ્ક પણ આપવામાં આવ્યા. બહેનોને સમજાય તેવી ખુબ જ સરળ ભાષામાં માહિતી આપવામાં આવી જેથી ભવિષ્યમાં સિકલ સેલ રોગી તથા થેલેસીમિયા મેજર બાળકો જન્મતાં અટકાવી શકાય. રેડ ક્રોસ વડોદરા જીલ્લા શાખા દ્વારા બહેનોને ખાતરી આપવામાં આવી કે ભવિષ્યમાં જ્યારે પણ તેઓને લગ્ન સમયે તથા ગર્ભધારણની સ્થિતિના સમયે અથવા કુટુંબીજન, સગાવ્હાલાઓ તેમજ તેમના બાળકો માટે સિકલ સેલ અથવા થેલેસીમિયા પરીક્ષણ તથા તેને લગતા મુંઝવતા પ્રશ્નો માટે માર્ગદર્શન જોઈતું હોય તો તેઓ રેડ ક્રોસમાં નિ:સંકોચ આવી શકે છે.







## વિવિધ અગત્યના દિવસોની ઉજવણી:

(A) પ્રાથમિક સારવાર દિવસ: દર વર્ષે સપ્ટેમ્બર મહિનાના બીજા શનિવારને પ્રાથમિક સારવાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તારીખ ૧૨/૯/૨૦૨૦ના રોજ વર્લ્ડ ફર્સ્ટ એઇડ ડેની ઉજવણીના ભાગરૂપે "પ્રાથમિક સારવારનું મહત્વ" વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ૯ લોકોએ ભાગ લીધો હતો.



(B) મહિલા દિવસ: ૮ માર્ચ મહિલા દિવસની ઉજવણી "પડકારોને પસંદ કરો" થીમ પર રેડ ક્રોસ વડોદરા દ્વારા ચલાવવામાં આવતા વૃદ્ધોની સારસંભાળ કોર્સની મહિલા ઉમેદવારો સાથે કરવામાં આવી. જેમાં મહિલાઓએ પોતાની જિંદગીમાં પસંદ કરેલા પડકારો અને તેની પોતાની જિંદગી પર અસર, તેમજ ભવિષ્યમાં આવનારા પડકારો વિષે વાત કરી. આ સાથે વિવિધ રોચક પ્રવૃત્તિઓ દ્વારા મહિલા દિવસને સાર્થક બનાવવામાં આવ્યો. મહિલા દિવસની ઉજવણીમાં ૨૦ મહિલાઓએ ભાગ લીધો હતો.

### (C) યુવા દિવસ- good personality and leadership




તારીખ ૧૨ જાન્યુઆરીના રોજ સ્વામિ વિવેકાનંદની જન્મ જયંતિને યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા દ્વારા યુવા દિવસ નિમિત્તે "good personality and leadership" વિષય ઉપર ગૂગલ મીટના માધ્યમથી વેબિનારનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૨૦ લોકોએ ભાગ લીધો હતો. વેબિનારના મુખ્ય વક્તા શ્રી સ્વામિ સુવિજ્ઞાનંદ જેઓ રામકૃષ્ણ મિશન, વડોદરા સાથે સંકળાયેલા છે.

### (D) વિશ્વ AIDS દિવસની ઉજવણી:

વિશ્વ AIDS દિવસની ઉજવણી પેટે વડોદરા જીલ્લા શાખા દ્વારા HIV/AIDS સાથે કાર્યરત સંસ્થાઓને બિરદાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડિસ્ટ્રિક્ટ સેલના મેડિકલ ઑફિસર શ્રી ડૉ. અરુણ રોય, સંસ્થાના ઉપાધ્યક્ષ શ્રી ડૉ. આર. બી. ભેસાણિયા, માનદમંત્રી શ્રી. ડૉ. પ્રવીણ બી. જોશી ઉપસ્થિત રહ્યાં હતા, શહેરમાં એચઆઇવી સાથે સંલગ્ન ૧૨ સંસ્થાઓનું રેડ ક્રોસ ગુજરાત રાજ્ય શાખા અને GSACS તરફથી આવેલ સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.






**<u>ફર્સ્ટ એઇડ કિટ:</u>**

ઈન્ડિયન રેડ ક્રૉસ  સોસાયટી વડોદરા દ્વારા કંપની માટે ઓર્ડરથી તેમની જરૂરિયાત મુજબ ૧૩૦ ફર્સ્ટ એઇડ કિટ તૈયાર કરવામાં આવી જેમાં ૧ પલ્સ ઓક્સીમીટર, ૧ ડિજિટલ થર્મોમીટર, ફર્સ્ટ એઇડ મૅન્યુઅલ મળી કુલ ૨૩ વસ્તુઓ સમાવવામાં આવી હતી.





**<u>થેલેસીમિયા અને સિકલ સેલ સોસાયટી, વડોદરા</u>**

થેલેસીમિયા અને સિકલ સેલ એ બંને વારસાગત રોગ છે જે માતા તથા પિતા તરફથી બાળકને મળે છે. જો માતા તથા પિતા બન્ને થેલેસીમિયા માઇનોર (વાહક) હોય તો થેલેસીમિયા મેજર (રોગવાળું) બાળક જન્મવાની શક્યતા રહે છે. એ જ રીતે માતા તથા પિતા બન્ને સિકલ સેલ વાહક હોય તો સિકલ સેલ રોગવાળું બાળક જન્મવાની શક્યતા રહે છે. તેથી જ **લગ્ન વખતે જન્મકુંડળી સાથે લોહીની કુંડળી મેળવવી જરૂરી છે**. થેલેસીમિયા રોગથી પીડાતા દર્દીઓને દર મહિને આશરે બે યુનિટ લોહી ચઢાવવું આવશ્યક છે, જેના કારણે શરીરમાં વધારાનું આયર્ન જમા થાય છે જેને કાઢવા માટે આયર્ન ચિલેટિંગ દવાઓ લેવી પડે અથવા આયર્ન ચિલેશનનાં ઈન્જેક્શન લેવાં પડે, જે આશરે ૮ કલાક સુધી ચાલે. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, સ્ટેમસેલ જેવી ખર્ચાળ સારવાર ઉપલબ્ધ છે, છતાં રોગ મટવાની સંભાવના ખૂબ જ ઓછી છે. ટૂંકમાં આ રોગને થતો અટકાવવો જરૂરી છે; જેના ભાગ રૂપે સંસ્થા દ્વારા (૧) જાગૃતિ અભિયાન (૨) શાળા, કૉલેજમાં વિદ્યાર્થીઓનું રક્ત પરીક્ષણ (૩) પોસ્ટ ટેસ્ટ કાઉન્સેલિંગ (૪) સ્ત્રીરોગ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા સગર્ભા સ્ત્રીઓને રક્ત પરીક્ષણ માટે સમજાવી તેઓનું રક્ત પરીક્ષણ કરવામાં આવે છે. (૫) બ્લડ ટ્રાન્સફ્યુઝન સેંન્ટર (૬) થેલેસીમિયા મેજર બાળકો માટે આયર્ન ચિલેટિંગ દવા કેલ્ફર, ડેસ્ફેરાલ ઇન્જેક્શન તથા લ્યુકોસાઇટ ફિલ્ટર

નજીવા દરે આપવામાં આવે છે. (૭) થેલેસીમિયા મેજર બાળકો માટે જરૂરી એવા ટેસ્ટ રેડ ક્રૉસ દ્વારા સમયાંતરે **વિનામુલ્યે કરી** આપવામાં આવે છે.

(A) <u>**બ્લડ ટ્રાન્સફ્યુઝન સૅન્ટર:**</u> થેલેસીમિયા મેજર બાળકોને મહિનામાં આશરે બે વાર લોહી ચઢાવવું પડે છે તેથી તેઓની જરૂરિયાતને ધ્યાનમાં લઈને રેડ ક્રૉસ દ્વારા અદ્યતન સગવડ સાથેનો વાતાનુકૂલિત અને ટીવીની સુવિધા સાથેના બ્લડ ટ્રાન્સફ્યુઝન સૅન્ટરમાં દર બુધવાર અને શુક્રવાર સવારે ૦૮:૩૦ થી બપોરે ૦૨:૦૦ દરમિયાન બ્લડ ટ્રાન્સફ્યુઝનને લગતી કાર્યવાહી વિનામુલ્યે કરવામાં આવે છે. અહેવાલના વર્ષમાં સંસ્થા દ્વારા થેલેસીમિયા બાળકો માટે કુલ **૫૮૭** બ્લડ ટ્રાન્સફ્યુઝન કરવામાં આવ્યાં.




(B) <u>**થેલેસીમિયા મેજર બાળકો માટે ફિલ્ટર તથા આયર્ન ચિલેટિંગ ડ્રગ્સ:**</u> રેડ ક્રૉસ દ્વારા કંપનીઓ, સંસ્થાઓ તથા વ્યક્તિગત ડોનેશન મારફત થેલેસીમિયા મેજર બાળકોને જરૂરિયાત પ્રમાણે આયર્ન ચિલેટિંગ ડ્રગ કેલ્ફર, ડેસ્ફેરાલ ઇન્જેક્શન, લ્યુકોસાઇટ ફિલ્ટર વગેરે આપવામાં આવે છે. ગત વર્ષમાં કુલ ૧૭૦ કેલ્ફર, ૯૬ ડેસ્ફેરાલ ઈન્જેક્શન અને ૨૪૨ લ્યુકોસાઇટ ફિલ્ટર આપવામાં આવ્યાં હતાં.




***તારીખ ૧૦/૨/૨૦૨૧ ના રોજ** મંજુસર GIDC સ્થિત મહિન્દ્રા એક્સેલો કંપની દ્વારા CSR અંતર્ગત થેલેસીમિયા મેજર બાળકો માટે રૂ. ૫,૦૦,૭૧૪/–ના ૧૦૦ આયર્ન ચિલેટિંગ ડેસ્ફેરાલ ઈન્જેક્શન, ૧૭૦*

*આયર્ન ચિલેટિંગ દવા કેલ્ફર અને ૨૧૬ લ્યુકોસાઇટ ફિલ્ટર આપવામાં આવ્યાં. સતત ૪ વર્ષથી સંસ્થાને મદદ કરવા બદલ સંસ્થા તેઓની ખૂબ ખૂબ આભારી છે.*

(C) **થેલેસીમિયા અને સિકલ સેલ સ્ક્રીનિંગ:** કેટલીક યુનિવર્સિટી તથા કૉલેજોમાં થેલેસીમિયા અને સિકલ સેલ પરીક્ષણ ફરજિયાત છે તેમજ વડોદરા શહેરમાં દરેક UHCs અર્બન હેલ્થ સેન્ટર્સ તથા SSG હૉસ્પિટલ, જમનાબાઈ હૉસ્પિટલ, GMERS હૉસ્પિટલ, ESIC હૉસ્પિટલ ખાતે ગર્ભધાનના પ્રથમ ત્રણ મહિનામાં ગર્ભવતી મહિલાઓનું થેલેસીમિયા અને સિકલ સેલ પરીક્ષણ કરવામાં આવે છે. શહેરના સ્ત્રીરોગ નિષ્ણાત ડૉક્ટરશ્રીઓ તરફથી પણ ગર્ભવતી સ્ત્રીઓને થેલેસીમિયા અને સિકલ સેલ સ્ક્રીનિંગ માટે માર્ગદર્શન આપી તે બહેનોનું રક્ત પરીક્ષણ ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાના સૌજન્યથી તદ્દન રાહત દરે કરી આપવામાં આવે છે. ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખા દ્વારા અહેવાલના વર્ષમાં કુલ ૧૬,૮૨૭ લોકોનું રક્ત પરીક્ષણ કરવામાં આવ્યું. જે પૈકી થેલેસીમિયા માઇનોર તથા સિકલ સેલ વાહક હતા તેઓનું પોસ્ટ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત સગર્ભાઓ જેમના ગર્ભની તપાસ કરતાં ગર્ભ થેલેસીમિયા મેજર અથવા સિકલ સેલ રોગી માલૂમ પડતાં અહેવાલના વર્ષમાં કુલ ૪ બાળકોનાં જન્મ રોકવામાં આવ્યાં.

**અહેવાલના વર્ષમાં થેલેસીમિયા અને સિકલસેલ પરીક્ષણની આંકડાકીય માહિતી**

| | |
|---|---|
| અર્બન હેલ્થ સૅન્ટરો, સરકારી હૉસ્પિટલો તથા ESIની સગર્ભા મહિલાઓ | ૧૫૫૯૧ |
| કૉલેજ તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના થેલેસીમિયા રક્ત પરીક્ષણ | ૨૫૨ |
| સ્ત્રીરોગ નિષ્ણાતોને ત્યાં થયેલ થેલેસીમિયા રક્ત પરીક્ષણ | ૪૦૧ |
| સેટેલાઈટ સૅન્ટરમાં થએલ થેલેસીમિયા રક્ત પરીક્ષણ | ૫૮૩ |
| **કુલ** | **૧૬૮૨૭** |

(D) **થેલેસીમિયા અને સિકલ સેલ પોસ્ટ કાઉન્સેલિંગ:** થેલેસીમિયા અને સિકલ સેલના રક્ત પરીક્ષણના રિપોર્ટમાં થેલેસીમિયા માઇનોર, સિકલ સેલ ટ્રેઈટ, આયર્ન ડેફિસિયન્સી એનિમિયા હોય અથવા અન્ય હિમોગ્લોબિનોપથી હોય તેવા વિદ્યાર્થીઓનું તેમજ સગર્ભા સ્ત્રીઓનું અને તેમનાં ફૅમિલીનું પોસ્ટ ટેસ્ટ કાઉન્સેલિંગ કરવામાં આવે છે. અહેવાલના વર્ષમાં ૪૧ લોકોનું પોસ્ટ ટેસ્ટ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું.

**<u>ફેમિલી ક્લિનિક:</u>**

વર્તમાન સમયમાં નાગરિકોને ગુણવત્તાભર તબીબી સારવાર મળે એવા સેવાકીય અભિગમ સાથે સામાન્ય રોજિંદી બીમારી સાથે ડાયાબિટીઝ, હાઇબ્લડપ્રેશર, ટી.બી., બાળરોગો, ચામડીના રોગોની સારવાર, વેક્સિનેશન, અમુક સંજોગોમાં દવા કરતાં કાઉન્સેલિંગની જરૂર પડે, વગેરે સેવાઓ તદ્દન રાહત દરે મળે તે હેતુથી સંસ્થાના મકાનમાં દર **સોમવારે, બુધવારે, શુક્રવારે** સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૩૦ દરમિયાન ફેમિલી ક્લિનિક ચલાવવામાં આવે છે. આ ક્લિનિકમાં એલોપેથીના નિષ્ણાત **ડૉ. કિરણ શીંગ્લોત,** સેવા આપે છે. ૧૨ વર્ષ સુધીનાં **બાળકોને વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે**. અહેવાલના વર્ષમાં કુલ ૫૧૮ લોકોએ ફેમિલી ક્લિનિકની સેવાનો લાભ લીધો હતો.



**કોવિડ-૧૯ મહામારીમાં ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા દ્વારા નિઃશુલ્ક ટેલિમેડિકલ કન્સલ્ટિંગ સર્વિસ:**
વડોદરા શહેર કોવિડ-૧૯ની મહામારીના કપરા સંકટમાંથી પસાર થઇ રહ્યું હતું અને શહેરમાં રોજેરોજ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો હતો, તથા અન્ય બીમારીઓની સારવાર મેળવવામાં પણ લોકોને પારાવાર મુશ્કેલી પડી રહી હતી તેવા સંજોગોમાં બીમાર વ્યક્તિઓ તેમ જ કુટુંબોને તમામ પ્રકારની બીમારીઓમાં ત્વરિત સચોટ માર્ગદર્શન અને સારવાર મળી રહે તે હેતુથી ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા દ્વારા ઘરે બેઠા કોવિડ-૧૯ અને અન્ય બીમારીઓમાં સંસ્થાના સિનિયર ડૉ. કિરણ શીંગ્લોતના સહયોગથી નિઃશુલ્ક ટેલિમેડિકલ કન્સલ્ટિંગ સર્વિસ શરૂ કરવામાં આવી. અહેવાલના વર્ષમાં કુલ **૭૩** લોકોએ **નિઃશુલ્ક ટેલિમેડિકલ કન્સલ્ટિંગ સર્વિસનો લાભ** લીધો હતો.

**<u>કેન્સર કેર અને માનસિક સ્વાસ્થ્યને લગતી સંભાળ:</u>**

કેન્સર રોગથી પીડાતા દર્દીઓ માટે ખાસ કરીને જેઓને કેન્સરની પીડા, થાક, અશક્તિનો અનુભવ થાય છે તેઓ માટે કેન્સર કેર ક્લિનિક અને માનસિક સ્વાસ્થ્ય, હતાશા (ડિપ્રેશન), વ્યસન મુક્તિને લગતી તકલીફો માટે સલાહ સૂચન (કાઉન્સેલિંગ) થેરાપી વગેરે માટે દર બુધવાર અને શુક્રવારે ડૉ. શશીન મહેતા દ્વારા સેવા આપવામાં આવે છે અહેવાલના વર્ષમાં બંનેના થઈને કુલ ૩૫ દર્દીઓએ લાભ લીધો.

## લેબોરેટરી ટેસ્ટ

- સંસ્થામાં સોમવારથી શનિવાર, સવારે ૮:૩૦ થી બપોરે ૪ દરમિયાન વિવિધ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ રાહત દરે ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાની NABL સર્ટિફાઇડ લેબોરેટરીમાં કરી આપવામાં આવે છે. વર્ષ દરમિયાન કુલ ૧૪૯૧ લોકોએ આ સેવાનો લાભ લીધો હતો.





ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી વડોદરા દ્વારા રેડ ક્રૉસ હેડ ક્વાર્ટર દિલ્લી તરફથી મળેલ સાબુ અને માસ્કનું થેલેસીમિયા મેજર બાળકો તથા અન્ય જરૂરિયાતમંદ લોકોને વિતરણ

# વર્ષ ૨૦૨૦-૨૧ના લાભાર્થીઓની સંખ્યા

| અનુ. નં. | કાર્યક્રમની વિગત | લાભાર્થીઓની સંખ્યા ૨૦૨૦-૨૧ | લાભાર્થીઓની સંખ્યા ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| 1. | "કોરોના સાથે જીવતા શીખો" | ૮૬ | - |
| 2. | ફર્સ્ટ એઇડ જાગૃતિ કાર્યક્રમ | ૩૨૨ | ૨૬૬ |
| 3. | રક્તદાન શિબિરમાં રક્તદાતાઓ | ૧૬૯ | ૧૦૦૨ |
| 4. | COVID-૧૯ તાલીમ કાર્યક્રમ | ૫૨૦ | - |
| 5. | વૃદ્ધોની ઘરે સારસંભાળ લેનાર મદદનીશ માટે કોર્સ | ૨૫ | - |
| 6. | સેફ્ટી ટ્રેનિંગ | ૫૫ | - |
| 7. | ફેક્ટરીમાં કામ કરતાં કામદારો માટે હેલ્થ ચેકઅપ કેમ્પ | ૪૨ | - |
| 8. | ટ્રાફિક બ્રિગેડની મહિલાઓ માટે સિકલ સેલ સ્ક્રીનિંગ કાર્યક્રમ | ૧૫૮ | - |
| 9. | પ્રાથમિક સારવાર દિવસની ઉજવણી | ૯ | ૨૪૧ |
| 10. | મહિલા દિવસની ઉજવણી | ૨૦ | - |
| 11. | યુવા દિવસ- good personality and leadership | ૨૦ | - |
| 12. | ફર્સ્ટ એઇડ કિટ | ૧૩૦ | - |
| 13. | બ્લડ ટ્રાન્સફ્યુઝન સેન્ટર | ૫૮૭ | ૬૦૬ |
| 14. | થેલેસીમિયા મેજર બાળકો માટે આયર્ન ચિલેટિંગ દવા કેલ્ફર | ૧૭૦ | ૫૭૦ |
| 15. | થેલેસીમિયા મેજર બાળકો માટે ડેસ્ફેરાલ ઈન્જેક્શન | ૯૬ | ૧૫૯ |
| 16. | થેલેસીમિયા મેજર બાળકો માટે લ્યુકોસાઇટ ફિલ્ટર | ૨૪૨ | ૨૨૬ |
| 17. | થેલેસીમિયા અને સિકલ સેલ સ્ક્રીનિંગ | ૧૬,૮૨૭ | ૪૦૦૭૭ |
| 18. | થેલેસીમિયા અને સિકલ સેલ પોસ્ટ ટેસ્ટ કાઉન્સેલિંગ | ૪૧ | ૩૦૮ |
| 19. | ફેમિલી ક્લિનિક | ૫૧૮ | ૪૫૧ |
| 20. | કોવિડ ૧૯ પોઝિટિવ અને નૉન પોઝિટિવ દર્દીઓ માટે નિઃશુલ્ક ટેલિમેડિકલ કન્સલ્ટિંગ સર્વિસ | ૭૧ | - |
| 21. | કેન્સર કેર અને માનસિક સ્વાસ્થ્યને લગતી સંભાળ | ૩૫ | ૫૪ |
| 22. | લેબોરેટરી ટેસ્ટ | ૧૪૯૧ | ૨૭૩૩ |
| | **કુલ લાભાર્થીઓ** | **૨૧૬૩૪** | ૪૬૬૯૩ |

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખા મારફત ચાલતી વિવિધ જનસેવા કાર્યક્રમમાં યોગદાન આપનાર નીચે જણાવેલ સંસ્થાઓ અને દાતાઓના અમો આભારી છીએ:

- મેસર્સ મહિન્દ્રા એક્સેલો પ્રાઈવેટ લિમિટેડ કંપની મંજુસર દ્વારા CSR અંતર્ગત થેલેસીમિયા મેજર બાળકો માટે રૂ.*૫,૦૦,૭૧૪/-*ની કિંમતના ડેસ્ફેરાલ ઈન્જેક્શન, કેલફર તથા ફિલ્ટરનું દાન તેમજ રૂ. ૮૭,૫૦૦/- નું દાન વૃદ્ધોની સારસંભાળના કોર્સ માટે આમ કુલ મળીને રૂ. ૫,૮૮,૨૧૪/-નું દાન
- વડોદરા મહાનગર સેવા સદન દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ. ૧૦,૦૦૦/- (આગલા વર્ષના બાકી પેટે) અને વર્ષ ૨૦૧૯-૨૦ માટે પણ રૂ. ૧૦,૦૦૦/- આમ અહેવાલના વર્ષમાં કુલ રૂ. ૨૦,૦૦૦/- નું અનુદાન
- ડૉ વિભૂતિ પ્રેયસ શાહ દ્વારા બ્લડ ટ્રાન્સફ્યુઝન સેંન્ટર માટે રૂ. ૧૫,૦૦૦/-નું દાન
- શ્રી સજ્જન સિંહ કુંપાવત દ્વારા બ્લડ ટ્રાન્સફ્યુઝન સેંન્ટર માટે રૂ. ૧૪,૧૦૦/-નું દાન
- શ્રી સંતોકબેન મોહનલાલ સ્વાદિયા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા બ્લડ ટ્રાન્સફ્યુઝન સેંન્ટર માટે રૂ. ૧૨,૦૦૦/-નું દાન
- શ્રી રમેશ પટેલ દ્વારા મેડિકલ સર્વિસ માટે રૂ. ૧૨,૦૦૦/-નું દાન
- શ્રી હરકિશન કાંતિલાલ શાહ દ્વારા બ્લડ ટ્રાન્સફ્યુઝન સેંન્ટર માટે રૂ. ૧૦,૦૦૦/-નું દાન
- મેસર્સ રામીન દ્વારા બ્લડ ટ્રાન્સફ્યુઝન સેંન્ટર માટે રૂ. ૧૦,૦૦૦/-નું દાન
- ડૉ. બી. એન. શાહ દ્વારા બ્લડ ટ્રાન્સફ્યુઝન સેંન્ટર માટે રૂ. ૫,૦૦૦/- નું દાન
- શ્રી નિમિષ દ્વારા મેડિકલ સર્વિસ માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- ડૉ. કોકિલાબેન મહેશભાઇ પરિખ દ્વારા બ્લડ ટ્રાન્સફ્યુઝન સેંન્ટર માટે રૂ. ૨૦૦૦/-નું દાન
- દર બુધવાર અને શુક્રવારે કેંન્સર કેર અને માનસિક સ્વાસ્થ્યને લગતી સંભાળ ક્લિનિકમાં માનદ સેવા આપવા બદલ ડૉ. શશીન મહેતા નો આભાર.
- રેડ ક્રૉસને આયર્ન ફ્રોલિક એસિડની દવાઓ પૂરી પાડવા માટે અર્બન હેલ્થ સેંન્ટર તેમજ જમનાબાઈ હૉસ્પિટલનો આભાર.
- ઈંન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાની થેલેસીમિયા તેમજ અન્ય સ્ટાફ મેમ્બર્સનો થેલેસીમિયા અને સિકલ સેલ તેમજ લેબોરેટરી તથા અન્ય પ્રોજેકટમાં સહયોગ આપવા બદલ આભાર.
- આ સિવાય અહેવાલના વર્ષમાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ યોજવા યોગદાન આપનાર સંસ્થાનો, દાતાઓ, ઉપરાંત સ્થાનિક વર્તમાનપત્રો તથા સ્થાનિક ન્યૂઝ ચેનલોના વ્યવસ્થાપકો સંસ્થાના કાર્યોનો પ્રચાર કરે છે, તેઓનો આભાર.
- છેવટે રેડ ક્રૉસને મદદ કરતાં ડૉક્ટર મિત્રો અને સંસ્થાના કાર્યવાહક મંડળના સભાસદો, સંસ્થાના સ્વયંસેવકો વગેરે સંસ્થાની પ્રગતિમાં વખતોવખત મદદ કરે છે. તેઓના પણ અમો આભારી છીએ.

વડોદરા

ડૉ. પ્રવીણ બી. જોશી
માનદ મંત્રી

CA CHANDRESH I. SHAH
L.L.B.(SP), F.C.A., D.I.S.A.(ICAI)
CA PIYUSH I. SHAH
B.COM. (HONS), F.C.A., D.I.S.A. (ICAI)
CA NIKESH H. SHAH
M.COM., F.C.A., C.S., C.W.A. (INTER)

# C. I. SHAH & CO
CHARTERED ACCOUNTANTS

To,
The Members
THE INDIAN RED CROSS SOCIETY,
Vadodara District Centre,
Vadodara

We have audited the attached balance sheet and Income & Expenditure account of THE INDIAN RED CROSS SOCIETY, VADODARA for the year ended on 31st March 2021. These financial statement are the responsibility of the District Centre, our responsibility is to express an opinion on these financial statement based on our audit report.

We report as under:

1. We have obtained all the information and explanations, which in our opinion were necessary for the purpose of the audit.

2. In Our opinion, proper books of accounts as required by law have been kept by Society; so far as it appears from our examination of the books

3. The Balance Sheet and Income & expenditure accounts dealt with by this report are in agreement with books of account maintained by the District Centre.

4. In Our Opinion and to the best of our information and according to the Explanations given to us, the annexed accounts give true and fair views:

   - In the case of Balance sheet of the state of affairs of THE INDIAN RED CROSS SOCIETY, VADODARA as on 31st March 2021.

   - In the case of Income & Expenditure account of the Surplus for the year ended on 31st March 2021.

For C.I.Shah & Co.
Chartered Accountants

C.I. SHAH & CO. CA MEM. No. 45212 VADODARA

CA Chandresh I. Shah
Partner (M. No. – 045212)

Dated: 24th November 2021
Place: Vadodara

Unique Document Identification Number is **21045212AAAAEY8701**

"Radha Krishna" GF-1, Nand Complex, Opp. Faculty of Technology, Shankar Tekari, Dandia Bazar, Vadodara - 1.
63516 54493 | 94278 41501 | 97225 75189
ca_cishah@hotmail.com | canikeshshah@gmail.com

**INDIAN RED CROSS SOCIETY, VADODARA DISTRICT BRANCH**

**INCOME & EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED ON 31st MARCH 2021**

| EXPENDITURE | AMOUNT | AMOUNT | INCOME | AMOUNT | AMOUNT |
|---|---|---|---|---|---|
| | | | | | |
| **BUILDING EXPENSES :** | | | **INTEREST :** | | |
| Municipal Taxes / Water Chargers A/c | 10,495.00 | | On FD with Bank A/c | 174,429.00 | |
| Electricity Charges A/c | 28,693.00 | | On Saving Bank A/c | 39,937.00 | |
| Depreciation A/c | 77,700.00 | 116,888.00 | On TDS A/c | 32,144.00 | 246,510.00 |
| **ESTABLISHMENT EXPENSES :** | | | **SAFETY TRAINING PROGRAM:** | | |
| **(As per Schedule : A)** | | 1,467,303.61 | Safety Training Fees A/c | | 65,535.00 |
| **AUDIT FEES :** | | 11,564.00 | **DONATIONS :** | | |
| **EXPENDITURE ON OBJECT OF THE SOCIETY :** | | | Thalassemia Blood Transfusion Centre A/c | 617,924.00 | |
| Advertisement A/c | 5,717.00 | | Medical Service A/c | 109,310.00 | |
| | | | Blood Donation A/c | 195,000.00 | |
| Medical Services A/c | 199,762.00 | | Note Book A/c | 1,530.00 | 923,764.00 |
| Blood Donation A/c | 129,977.00 | | | | |
| Note-Books A/c | 9,900.00 | | **FIRST AID CLASS INCOME:** | | |
| Renovation, Repair & Maintenance A/c | 7,299.00 | | First aid Class Fees A/c | 2,114,706.09 | |
| Thalassemia Blood Transfusion Centre A/c | 719,831.00 | | Travelling A/c | 108,285.00 | 2,222,991.09 |
| Covid Training Program A/c | 16,841.00 | | | | |
| Income Tax A/c | 264.00 | 1,089,591.00 | Vadodara M.S.Sadan Grant A/c | | 20,000.00 |
| | | | Elderly Care Assistant Course | | 87,500.00 |
| **SAFETY TRAINING PROGRAM:** | | | | | |
| Safety Honorarium A/c | | 18,000.00 | | | |
| **FIRST AID CLASS EXP:** | | | | | |
| Doctor Honorarium A/c | 441,800.00 | | | | |
| Travelling A/c | 135,954.00 | | | | |
| Food/Hotel A/c | 36,508.00 | 614,262.00 | | | |
| Elderly Care Assistant Course | | 86,626.00 | | | |
| **EXCESS OF INCOME OVER EXP.** | | **162,065.48** | | | |
| **TOTAL RS.** | | **3,566,300.09** | **TOTAL RS.** | | **3,566,300.09** |

As per Our report of even date annexed
For C. I. SHAH & CO.
Chartered Accountants
Firm Reg.No 111862 W

(CA CHANDRESH I.SHAH)
Partner (M. No. – 045212)

C. I. SHAH & CO. CA MEM. NO. 45212 VADODARA

CHAIRMAN
Indian Red Cross Society
Vadodara District Branch

The above balance sheet to the best of my/ our belief contains a trust account of funds, liabilities and of the properties and assets of the trust
For The Indian Red Cross Society, Vadodara District Branch

Indian Red Cross Society, Vadodara.

(Authorised Signatory) (Authorised Signatory)
Dated : 24/11/2021 AT: Vadodara

Hon. Secretary Treasurer Vice-Chairman

# INDIAN RED CROSS SOCIETY; VADODARA DISTRICT BRANCH

## BALANCE SHEET AS AT 31ST MARCH 2021

| FUNDS AND LIABILITIES | AMOUNT | AMOUNT | ASSETS | AMOUNT | AMOUNT |
|---|---|---|---|---|---|
| | | | | | |
| **PATRON MEMBERSHIP FUND:** | | 17,500.00 | **FIXED ASSETS:** | | |
| **VICE PATRONSHIP FUND:** | | 5,489.00 | (as per Schedule 'B') | | 1,242,208.00 |
| **LIFE MEMBERSHIP FUND:** | | | **INVESTMENTS :** | | |
| Balance as per last B/s. | 162,059.00 | | | | |
| **Add : During the year** | 14,100.00 | | FDR with Bank (B.O.B) | 3,325,000.00 | |
| | 176,159.00 | | Accured Interest on FDR with BOB | 1,519.00 | 3,326,519.00 |
| **Less : Contribution to State Branch** | 3,300.00 | 172,859.00 | | | |
| **ASSOCIATE LIFE MEMBERSHIP FUND:** | | 4,906.60 | **DEPOSITS :** | | |
| | | | MGVCL Electricity Deposit | 25,115.00 | |
| | | | M/s. Amis Oxygen Pvt. Ltd. | 4,000.00 | 29,115.00 |
| **OTHER EARMARKED FUND:** | | | **DEBTORS :** | | |
| (As per Schedule : C) | | | (as per Schedule 'D') | | 1,014,199.50 |
| | | | **CASH & BANK BALANCES :** | | |
| | | | BOB Raopura Branch (Bank | 869,132.26 | |
| | | 3,359,336.55 | SB A/c No. 01980100000302 | | |
| | | | SBI Raopura Branch (Bank | 72,152.00 | |
| | | | SB A/c No. 34905227581 | | |
| | | | Cash On Hand | 78.64 | 941,362.90 |
| **Liabilities:** | | | **TEX DEDUCTED (TDS)** | | |
| Sundry Creditors (As per Schedule : E) | | 1,234,944.00 | Balance as per last B/s | 1,065,279.00 | |
| Provision for Professional Tax | | 200.00 | | | |
| | | | **Add: during the year [ FY 2020-** | 197,916.50 | |
| **INCOME & EXPENDITURE A/C:** | | | | | |
| Balance As per Last B/s | 2,234,149.27 | | **Less: Received during the year** | 625,150.00 | 638,045.50 |
| Excess of Income Over Expenditure | 162,065.48 | 2,396,214.75 | | | |
| **TOTAL RS.** | | **7,191,449.90** | **TOTAL RS.** | | **7,191,449.90** |

**As per Our report of even date annexed**
**For C.I.SHAH & CO.**
**Chartered Accountants**
**Firm Reg.No 111862 W**

C.I. SHAH & CO. CA MEM. No. 45212 VADODARA

**(CA CHANDRESH I.SHAH)**
**Partner (M. No. – 045212)**

CHAIRMAN
Indian Red Cross Society
Vadodara District Branch

**The above balance sheet to the best of my/ our belief contains a trust account of funds, liabilities and of the properties and assets of the trust**
**For The Indian Red Cross Society, Vadodara District Branch**

Indian Red Cross Society, Vadodara.

**For Indian Red Cross Society**

**(Authorised Signatory)** Hon. Secretary Treasurer Vice-Chairman **(Authorised Signatory)**
**Dated : 24/11/2021** **AT: Vadodara**

# સેંન્ટ જોન એમ્બ્યુલન્સ (ઈન્ડિયા),

## વડોદરા જીલ્લા સેંન્ટર

## સને ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ

અમો સેંન્ટ જૉન ઍમ્બ્યુલન્સ (ઈન્ડિયા), વડોદરા જીલ્લા સેંન્ટરના માનદમંત્રી સને ૨૦૨૦-૨૦૨૧નો વાર્ષિક અહેવાલ અને ઓડિટેડ હિસાબો રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

અહેવાલના વર્ષમાં કારોબારી સમિતિની ૦૪ સભાઓ અને ૦૧ સામાન્ય સભા મળી હતી.

સેંન્ટ જૉન ઍમ્બ્યુલન્સ (ઈન્ડિયા), વડોદરા અકસ્માતમાં પ્રાથમિક સારવારના તાલીમ વર્ગો ચલાવે છે. તાલીમ આપનાર ટ્રેનર તબીબોની ભણાવવાની રીત, સ્લાઇડ પ્રોજેક્ટર, પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન, ડેમોસ્ટ્રેશન તથા પરીક્ષા પદ્ધતિ વિગેરે અંગે ખાસ ધ્યાન આપવામાં આવે છે. સી.પી.આર.ની તાલીમ ડમી દ્વારા આપવામા આવે છે. અહેવાલના વર્ષમાં કુલ ૧૯ ક્લાસ કરવામાં આવ્યાં હતાં તેમાં ૩૯૯ ઉમેદવારોને પ્રાથમિક સારવારની તાલીમ આપવામાં આવી હતી. તેમાંથી ૩૩૪ ઉમેદવારોએ સિનિયર સર્ટિફિકેટ મેળવ્યા હતા. ૫૮ ઉમેદવારોએ પાંચ વર્ષના વાઉચર સર્ટિફિકેટ મેળવ્યા હતા અને ૭ ઉમેદવારોએ કાયમી સર્ટિફિકેટ (મેડેલિયન) મેળવ્યા હતા.

અહેવાલના વર્ષમાં ૧૫ આજીવન સભ્યોની ફી રૂ૭,૫૦૦/- એકત્ર કરવામાં આવી છે.

<u>**આભાર દર્શન:**</u>

અહેવાલના વર્ષમાં અકસ્માતમાં પ્રાથમિક સારવારની તાલીમ આપનાર અને પરીક્ષક ડૉક્ટર મિત્રોનો, જુદી-જુદી કંપનીઓનો, સ્થાનિક વર્તમાનપત્રો લોકસત્તા, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદેશના સંચાલકોએ સંસ્થાના પ્રચાર કાર્યમાં સંપૂર્ણ સહાનુભૂતિ બતાવનાર અને સંસ્થાના કાર્યનો પ્રચાર કરનાર દરેકનો આભાર માનીએ છીએ.

અંતમાં સંસ્થાના કાર્યવાહક મંડળના સભ્યો સંસ્થાની પ્રગતિમાં વખતો વખત મદદ કરે છે. તેઓના અમો આભારી છીએ.

ડૉ. પ્રવીણ બી. જોશી
માનદ મંત્રી
સેંન્ટ જૉન ઍમ્બ્યુલન્સ (ઈન્ડિયા), વડોદરા

(74)

# C. I. SHAH & CO
CHARTERED ACCOUNTANTS

CA CHANDRESH I. SHAH
L.L.B.(SP), F.C.A., D.I.S.A.(ICAI)
CA PIYUSH I. SHAH
B.COM. (HONS), F.C.A., D.I.S.A. (ICAI)
CA NIKESH H. SHAH
M.COM., F.C.A., C.S., C.W.A. (INTER)

To,
The Members
ST. JOHN AMBULANCE (INDIA)
Vadodara District Centre,
Vadodara

We have audited the attached balance sheet and Income & Expenditure account of ST. JOHN AMBULANCE (INDIA), VADODARA DISTRICT CENTRE for the year ended on 31st March 2021. These financial statement are the responsibility of the District Centre, our responsibility is to express an opinion on these financial statement based on our audit report.

We report as under:

1. We have obtained all the information and explanations, which in our opinion were necessary for the purpose of the audit.

2. In Our opinion, proper books of accounts as required by law have been kept by Society; so far as it appears from our examination of the books

3. The Balance Sheet and Income & expenditure accounts dealt with by this report are in agreement with books of account maintained by the District Centre.

4. In Our Opinion and to the best of our information and according to the Explanations given to us, the annexed accounts give true and fair views:

   - In the case of Balance sheet of the state of affairs of ST.JOHN AMBULANCE (INDIA) as on 31st March 2021.

   - In the case of Income & Expenditure account of the Deficit for the year ended on 31st March 2021.

For C.I.Shah & Co.
Chartered Accountants

C.I. SHAH & CO. CA MEM. No. 45212 VADODARA

CA Chandresh I. Shah
Partner (M. No. – 045212)

Dated: 3rd December 2021
Place: Vadodara

Unique Document Identification Number is **21045212AAAAEZ5271**

"Radha Krishna" GF-1, Nand Complex, Opp. Faculty of Technology, Shankar Tekari, Dandia Bazar, Vadodara - 1.
63516 54493 | 94278 41501 | 97225 75189
ca_cishah@hotmail.com | canikeshshah@gmail.com

## ST. JOHN AMBULANCE (INDIA), VADODARA DISTRICT BRANCH
## INCOME & EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED ON 31st MARCH 2021 .

| EXPENDITURE | AMOUNT | AMOUNT | INCOME | AMOUNT | AMOUNT |
|---|---|---|---|---|---|
| **BUILDING EXPENSES :** | | | **INTEREST :** | | |
| Electricity Charges A/c | 2,400.00 | | On FD with Bank A/c | 148,812.00 | |
| Depreciation A/c | 34,319.00 | **36,719.00** | On Saving Bank A/c | 29,093.00 | |
| | | | On TDS A/c | 2,717.00 | **180,622.00** |
| **ESTABLISHMENT EXPENSES :** | | | | | |
| **(As per Schedule : A)** | | **501,360.90** | | | |
| **AUDIT FEES :** | | 7,080.00 | | | |
| **EXPENDITURE ON OBJECT OF THE SOCIETY :** | | | **FIRST AID CLASS INCOME:** | | |
| | | | First aid Class Fees A/c | 292,700.00 | |
| Medical Relief | 120,400.00 | | Annual Membership Fees A/c | 7,200.00 | |
| Income Tax A/c | 46,181.00 | **166,581.00** | Travelling Exp. A/c. | 10,000.00 | **309,900.00** |
| **FIRST AID CLASS EXP:** | | | | | |
| First aid Class Fees A/c | 15,250.00 | | | | |
| Annual Membership Fees A/c | 7,585.00 | | | | |
| Travelling Exp. A/c. | 16,838.00 | | | | |
| Food/Hotel A/c | 17,810.00 | | | | |
| Doctor Honorariuam A/c | 76,200.00 | **133,683.00** | | | |
| | | | **EXCESS OF EXPENSES OVER INCOME** | | **354,901.90** |
| **TOTAL RS.** | | **845,423.90** | **TOTAL RS.** | | **845,423.90** |

**As per Our report of even date annexed**
**For C. I. SHAH & Co.**
**Chartered Accountants**
**Firm Reg.No 111862 W**

C. I. SHAH & CO. CA MEM. No. 45212 VADODARA

**(CA CHANDRESH I.SHAH)**
**Partner (M. No. – 045212)**
Auditor

**Dated : 03/12/2021**
AT: Vadodara

The above balance sheet to the best of my/ our belief contains a trust account of funds, liabilities and of the properties and assets of the trust
For The Indian Red Cross Society, Vadodara District Branch

**For St John Ambulance**

CHAIRMAN
St. John Ambulance (India)
Vadodara District Centre

St. John Ambulance (India), Vadodara.
Hon. Secretary Treasurer Vice-Chairman

# ST. JOHN AMBULANCE (INDIA), VADODARA DISTRICT BRANCH
## BALANCE SHEET AS AT 31ST MARCH 2021

| FUNDS AND LIABILITIES | AMOUNT | AMOUNT | ASSETS | AMOUNT | AMOUNT |
|---|---|---|---|---|---|
| **LIFE MEMBERSHIP FUND:** | | | **FIXED ASSETS:** | | |
| Balance as per last B/s. | 78,290.00 | | (As per Schedule 'B') | | 308,115.00 |
| **Add : During the year** | 7,500.00 | | **INVESTMENTS :** | | |
| | 85,790.00 | | | | |
| **Less : Contribution to State Branch** | 1,800.00 | 83,990.00 | FDR with Bank (B.O.B) | 2,278,761.00 | |
| | | | FDR with Corporation Bank A/c | 500,000.00 | 2,778,761.00 |
| **ASSOCIATE LIFE MEMBERSHIP FUND:** | | 1,360.00 | **DEBTORS :** | | |
| | | | Indian Red Cross Society A/c | | 1,142,484.00 |
| **OTHER EARMARKED FUND:** | | | **CASH & BANK BALANCES :** | | |
| Community Service Fund | | 2,400,000.00 | BOB Raopura Branch (Bank Balance) | 594,385.30 | |
| | | | SB A/c No. 01980100000298 | | |
| | | | Union Bank (Bank Balance) | 130,475.66 | |
| **INCOME & EXPENDITURE A/C:** | | | SB A/c No. 520101240381080 | | |
| Balance As per Last B/s | 2,928,146.94 | | Cash On Hand | 77.08 | 724,938.04 |
| Excess of Expense Over Income | 354,901.90 | 2,573,245.04 | **TAX DEDUCTED (TDS)** | | |
| | | | Balance as per last B/s | 314,744.00 | |
| | | | **Add: during the year [ FY 2020-21]** | 8,754.00 | |
| | | | **Less: Received during the year** | 219,201.00 | 104,297.00 |
| **TOTAL RS.** | | **5,058,595.04** | **TOTAL RS.** | | **5,058,595.04** |

As per Our report of even date annexed
For C. I. SHAH & Co.
Chartered Accountants
Firm Reg.No 111862 W

(CA CHANDRESH I.SHAH)
Partner (M. No. – 045212)
Auditor

The above balance sheet to the best of my/ our belief contains a trust account of funds, liabilities and of the properties and assets of the trust
For The Indian Red Cross Society, Vadodara District Branch

For Indian Red Cross Society

Dated : 03/12/2021
AT: Vadodara

CHAIRMAN
St. John Ambulance (India)
Vadodara District Centre

St. John Ambulance (India), Vadodara.
Hon. Secretary  Treasurer  Vice-Chairman